### ડીસા કોલેજ નજીક વાયરલ વીડિયો બાબતે ચાર

# યુવાનો વિરૂદ્ધ પોલીસ ફરિયાદ સોશિયલ મીડિયામાં ચમકવું ભારે પડ્યું

ડીસા, તા. ૧૬

ડીસા કોલેજ કેમ્પસ નજીક કેટલાક યુવાનો દ્વારા સોસીયલ મીડિયામાં પ્રસિદ્ધ થવાની લ્હાયમાં વિચિત્ર વેશ ધારણ કરી વિડિયો બનાવવામાં આવ્યા હતા પરંતુ આ વિડિયો સોસીયલ મીડિયામાં વાયરલ થતા જ હિન્દુ આગેવાનો, વિશ્વ હિન્દુ પરિસદ જેવા સંગઠનોમાં રોષ ભભૂકી ઉઠ્યો હતો અને આ વિડિયો વાયરલ કરનાર યુવાનો વિરુદ્ધ કાર્યવાહી કરવાની માંગ સાથે નાયબ કલેકટર અને કોલેજ પ્રશાસનને આવેદનપત્ર આપી કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી હતી.

આ બાબતે મંગળવારે ડીસા દક્ષિણ પોલીસ મથકના પી. આઈ. સહિતનો કાફલો કોલેજ કેમ્પસ ખાતે આ ઘટના બાબતે તપાસ હાથ ધરી હતી અને મોડી સાંજે આ મામલે શહેરના વિશ્વકર્મા પાર્ક ખાતે રહેતી પીડિત યુવતીએ દક્ષિણ પોલીસ મથકે આ યુવાનો વિરુદ્ધ પોલિસ ફરિયાદ નોંધાવતા પોલીસે આઈ.પી.સી. કલમ ૩૫૪(ડી) ૧૧૪ તેમજ આઈપી એકટ ૬૭/



એ મુજબનો ગુનો નોંધી આસિફ ચાંદભાઈ ગોસી, સમીર ચાંદભાઈ ગોસી, અરબાઝ કરીમભાઈ ગોસી અને રબવાજ રિયાજભાઈ ગોસીની ધરપકડ કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે હાલમાં સોસિયલ મીડિયામાં સસ્તી પ્રસિધ્ધિ મેળવવાની હોડમાં યુવાનો ટિકટોક જેવી એપના રવાડે ચડી પોતાના ભાવિને અંધકારમય બનાવી પરિવાર અને માબાપ માટે પણ મુશ્કેલી ઉભી કરી રહ્યા છે. આજનું યુવાધન અભ્યાસ અને કેરિયર બનાવવાની જગ્યાએ પોતાનો કિંમતી સમય બરબાદ કરી રહ્યા છે ત્યારે વર્તમાન સમયમાં બનેલી આ ઘટના યુવા પેઢી માટે લાલ બત્તી સમાન છે.

## અંબાજીમાં અસામાજિક તત્વોને મળ્યું મોકળું મેદાન

વિશ્વ પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે શરદ પૂનમ નિમિત્તે ભાવિક ભક્તોની ભીડ ઉમટી હતી. જોકે, ભક્તોના ધસારા વચ્ચે અસામાજિક તત્વોએ તકનો લાભ ઉઠાવ્યો હતો. જેમાં ૨૦ જેટલા દર્શનાર્થીઓ સાથે ચોરી ચકારીની ઘટનાને પગલે ટેમ્પલ પ્રશાસન મંદિરના સુરક્ષકર્મીઓ સહીત પોલીસ ની કામગીરી સામે અનેક સવાલો ઉઠ્યા છે. વિશ્વ પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે શરદ પૂનમના દિવસે ભાવિક ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું હતું. ત્યારે ભક્તોના ધસારા વચ્ચે અહીં પાકિટ માર અને ચોર ટોળકીએ પણ ભારે તરખાટ મચાવ્યો હતો. અંદાજિત વીસ જેટલા દર્શનાર્થીઓ સાથે પાકીટ મારી અને ચોરી ચકારીની ઘટનાઓ બની હોવાનું જાણવા મળ્યું છે. કાયદો અને વ્યવસ્થાની કથળતી જતી પરિસ્થિતિ વચ્ચે અંબાજીમાં યાત્રિકો સાથે થયેલી ચોરી ચકારીની ઘટનાએ યાત્રાળુઓના જાન-માલની સલામતી સામે સવાલ ખડા કર્યા છે.

# વડોદરાની યુવતીનું મોડાસાના બની બેઠેલા પોલીસ વહીવટદારે કર્યું અપહરણ, લઈ ગયા અવાવરૂ જગ્યાએ

મોડાસા, તા. ૧૬

અરવલ્લી જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી રહી છે. મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં પોલીસતંત્રમાં વહીવટદારોની બોલબાલા વધી ગઈ હોય તેમ ખાખી પેન્ટ અને લાલ બુટ પહેરી રાજય પોલીસવડાથી લઈ જીલ્લા પોલીસ અધિક્ષક અને પોલીસ અધિકારીઓના નામે પ્રજાજનો અને ખુદ પોલીસ કર્મીઓ સામે રોફ મારતા અનેક વહીવટદારો ખુલ્લેઆમ દાદાગીરી કરી રહ્યા હોવાની અનેક બૂમો ઉઠી રહી છે.

મોડાસામાં પોલીસ તરીકેનો રોફ મારી એક યુવતીનું અપહરણ કરનાર બે વ્યક્તિઓને પોલીસે ઝડપી લીધા હતા. બંને વ્યક્તિઓ પોલીસ હોવાનું જણાવી યુવતીને પોલીસ સ્ટેશન લઈ જવા માટે બાઈક પર બેસાડી એકાંત જગ્યાએ લઈ ગયા હતા. ત્યાં યુવતીની છેડતી કરી બિભત્સ માગણી કરવામાં આવી હતી. આ મામલે યુવતીની ફરિયાદને આધારે પોલીસે મોડાસામાં રહેતા અને નકલી પોલીસ બનનાર બંને વ્યક્તિઓ સામે ગુનો નોંધી




કાર્યવાહી હાથ ધરી કડકાઈથી પગલા લીધા છે.

વડોદરાની એક યુવતીનું મોડાસાના બે વ્યક્તિઓએ પોલીસની ઓળખ આપી અપહરણ કર્યું હતું. તેના મિત્ર સાથે યુવતી પસાર થઈ રહી હતી. તે સમયે શાનુ મલેક અને રાજુ કટકટ નામના બે વ્યક્તિઓ બાઈક લઈને આવી પહોંચ્યા હતા. આ બંને વ્યક્તિઓએ પોલીસ હોવાનું જણાવી બંને કેમ ફરો છો તેમ કહી ધમકીઓ આપી હતી. બાદમાં યુવતીના મિત્રને ભગાડી દઈ યુવતીને પોલીસ સ્ટેશન આવવું પડશે તેમ કહ્યું હતું. બાઈક ઉપર યુવતીને બેસાડ્યા બાદ આ બંને વ્યક્તિઓ પોલીસ સ્ટેશનના બદલે એકાંત જગ્યાએ લઈ ગયા હતા. જ્યાં યુવતીની છેડતી કરી બિભત્સ માગણી કરી હતી. જે અંગે યુવતીએ મોડાસા ટાઉન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી બંને શખ્શો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અરવલ્લી જીલ્લા પોલીસતંત્રમાં ઉચ્ચ અધિકારીઓના નામે પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ સામે રોફ જમાવતા શાનું મલેકને મોડાસા ટાઉન પોલીસે જેલના સળિયા પાછળ ધકેલી દેતા કેટલાક પોલીસ કર્મચારીઓ મનમાં મલકાયા છે. જોકે બંનેને પોલીસે કડક પગલા લઈ એવી રીતે શાન ઠેકાણે લાવી છે કે હવે વહીવટદાર બની પોલીસનું નામ લેતા પણ જીભ થોથવાઈ જશે. પોલીસની આ કડક કાર્યવાહીની લોકોએ સરાહના પણ કરી છે.

# હિંમતનગરથી અમદાવાદ સુધીની બ્રોડગેજ ટ્રેનનો પ્રારંભ કરાયો

પ્રાંતિજ, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરથી અમદાવાદ સુધીની બ્રોડગેજ ટ્રેનનો પ્રારંભ કરાયો પ્રાંતિજ સુધી મુસાફરી કરી. પ્રાંતિજ રેલ્વે સ્ટેશન ખાતે સાંસદ દિપસિહ રાઠોડ દ્વારા રેલ્વેને કુમકુમ તિલક કરી ફુલહાર પૂજા કરવામાં આવી પટેલ, પૂર્વ પ્રમુખ અરવિંદભાઈ પરમાર, પૂર્વ પ્રમુખ રતિભાઈ ટેકવાણી, નગરપાલિકા કોર્પોરેટરો દિલીપભાઈ રાવળ, મહેબુબભાઈ



હતો. સાંસદ, ધારાસભ્ય, પૂર્વ મંત્રી દ્વારા રેલની મુસાફરી કરી હતી.

હિંમતનગર, પ્રાંતિજ, તલોદ અમદાવાદ સુધીનો રેલ્વે ટ્રેક બ્રોડગેજમાં રૂપાંતરિત કરવામાં આવ્યો છે. જેમાં આજે સાબરકાંઠા-અરવલ્લી સાંસદ દિપસિહ રાઠોડ, પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર તથા પૂર્વ કાયદામંત્રી વી.ડી. ઝાલા, રણજીતસિંહ રાઠોડ દ્વારા રેલ્વેની મુસાફરી કરી હતી ત્યારે સાંસદ દિપસિહ રાઠોડ હિંમતનગરથી હતી. પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર તથા પૂર્વ કાયદા મંત્રી વી.ડી. ઝાલા દ્વારા હિંમતનગરથી તલોદ સુધી મુસાફરી કરી હતી.

આ પ્રસંગે હિંમતનગર ખાતે પણ ભાજપ કાર્યકરો નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. પ્રાંતિજ-તલોદ ખાતે શહેરીજનો મોટી સંખ્યામાં રેલ્વે જોવા ઉપસ્થિત રહ્યા હતા અને રેલ્વેનું સ્વાગત માટે ઉમટી પડ્યા હતા. પ્રાંતિજ ખાતે નગરપાલિકા પ્રમુખ ગીતાબેન બલોચ, રાજેશભાઈ ટેકવાણી, ગોવિદસિંહ, જીતેન્દ્રસિંહ સહિત ભાજપ શહેર પ્રમુખ વિજયભાઈ પટેલ, ભાજપ કાર્યકરો આગેવાનો નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આગામી ડિસેમ્બર સુધીમાં અમદાવાદ ઉદેપુર સુધીની લાઈન શરૂ કરવામા આવશે તેવું સાંસદ દિપસિહ રાઠોડે જણાવ્યું હતું. બે વર્ષ બાદ અદ્યતન સુવિધા યુક્ત રેલ્વે તથા રેલ્વે ટેશન ચાલુ થતાં હાલ તો લોકોમાં આનંદનો માહોલ જોવા મળ્યો હતો.

# સરહદી ભૂજ રેન્જની ઓચિંતી રેડમાં ઓઇલ ચોરી ઝડપાતાં

# છાપી પી.એસ.આઈ સહિત પાંચ પોલીસકર્મી સસ્પેન્ડ કરાતાં પોલીસ બેડામાં ખળભળાટ

બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના છાપી હાઈવે ઉપર આવેલા તેનીવાડા નજીક થી સરહદી ભૂજ રેન્જને ઓચિંતી રેડ કરીને લાખો રૂપિયા ના ઓઈલ ચોરીના કૌભાંડનો પર્દાફાશ કરતાં ચકચાર મચી ગઈ હતી જેમાં સ્થાનિક પોલીસ દ્વારા અગાઉ રેડ કરતાં નીલ બતાવાયું હતું.જેના ગણતરીના સમયમાં જ ભૂજ રેન્જને ઓચિંતો છાપો મારીને રેડ કરતાં લાખો રૂપિયા ની ઓઈલ ચોરીનો મુદ્દામાલ કબજે કરતાં સ્થાનિક પોલીસ ઉંઘતા ઝડપાઈ હતી અને શંકાના દાયરામાં આવતાં જિલ્લા પોલીસ વડા દ્વારા છાપી પી.એસ.આઈ. પોલીસ કર્મીઓ સહીત ૨ એલ.સી.બી. પોલીસ કર્મી પણ સસ્પેન્ડ સસ્પેન્ડ કરતાં પોલીસ બેડામાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

સરહદી ભુજ રેંજની રેડમાં ઓઈલ ચોરીનો પર્દાફાશ થતાં સરહદી ભુજ રેંજ પોલીસ દ્વારા ઓઈલ ચોરીનો ૪૫ લાખનો મુદ્દામાલ કબ્જે કરતાં ઓઈલ ચોરી કરતા તત્વો માં પણ નાસભાગ મચી ગઈ હતી.

અગાઉ છાપી પોલીસ અને એલ.સી. બી પોલીસે રેડ કરી હતી પણ નીલ બતાવી હતી.જે જગ્યા ઉપર ભુજ રેંજની રેડમાં ૨ આરોપી સહીત લાખો રૂપિયાનો મુદ્દામાલ ઝડપાતા સ્થાનિક પોલીસની નિષફળતા સામે આવી.તેનીવાડ છાપી પોલીસ ની હદમાં આવતું હોય જેને લઈને જિલ્લા પોલીસવડા દ્વારા છાપી પી.એસ.આઈ.આઈ.એચ.હિંગરા સહીતના પોલીસકર્મી ઓ સામે લાલ આંખ કરીને એસ.પી.એ સસ્પેન્શનના હુકમ કરતા પોલીસ બેડામાં ખળભળાટ મચી ગયો છે.

વડગામ તાલુકાના છાપી પોલીસ ની હદમાં આવતા તેનીવાડા તેમજ ધારેવાડા પાસે ઓઈલ ચોરીનું નેટવર્ક વર્ષોથી ચાલી રહ્યું છે છતાં સ્થાનિક પોલીસ ના આંખ મિચામણા હોવાની ચર્ચા ઓ પણ લોકોમાં થઈ રહી છે.

## પાલનપુર નગરપાલિકાના ચેક પ્રકરણમા શાસકો શંકાના દાયરામાં

પાલનપુર નગરપાલિકાના બેંક એકાઉન્ટ માંથી પાલીકાની જાણ બહાર લાખો રૂપિયા ઉપડી જવાની છેતરપિંડી મામલે પોલીસ ફરીયાદ દાખલ થયેલી છે જેમાં નગરપાલિકાની ચેકબુકને બેંકમાંથી બારોબાર લઈ જવામાં આવી હોવાની હોવાની ચીફ ઓફિસરની કબૂલાત તેમજ ચેક પર એકાઉન્ટન્ટની જે સહી હતી તેના નમૂના એફએસએલમાં મોકલાયા છે. બનાવને બે માસનો સમય વીતવા છતાં કોઈ કાર્યવહી ન થતા લાખોની છેતરપીંડી મામલે નગરપાલિકાના સાશકો સામે શંકાની સોય તકાઈ રહી છે. નગરપાલિકાના ચેક દ્વારા બેંકમાંથી લાખો રૂપિયા ઉપાડી લેવાના બનાવને બે માસનો સમય વીતવા છતાં કોઈ તપાસ ન થતા આ છેતરપિંડીને લઈ પાલીકાના અધિકારીઓ અને પદાધિકારીઓ સામે શંકાની શોય સેવાઈ રહી છે



**થરાદ વિધાનસભાની પેટા ચૂંટણીનો પ્રચાર પ્રસાર પુરજોશમાં**

ભાજપના ઉમેદવાર જીવરાજ ભાઈ પટેલ ને જીતાડવા માટે પેપરાલ મુકામે દલીત મહોલ્લામાં ભાજપના ઉમેદવારને વિજય બનાવવા વડગામ તાલુકાના મેમદપુર જી.પં બેઠકના સદસ્યશ્રી અશ્વિન સકસેના દ્વારા સમાજના આગેવાનો સાથે બેઠક કરી ભાજપને મત આપવા અપીલ કરી વિનંતી કરી હતી.

### અરવલ્લી આંતરરાષ્ટ્રીય હિંદુ પરિષદે

# લવ-જેહાદ અને આરએસએસ કાર્યકર્તાની હત્યા અંગે એસપીને આવેદનપત્ર આપ્યું

મોડાસા, તા. ૧૬

છેલ્લા ઘણા સમયથી સમગ્ર ભારત દેશમાં જેહાદી માનસિકતા ધરાવતા તત્વો દ્વારા દેશના હિંદુ સમાજ ઉપર વિવિધ



પ્રકારે હુમલાઓ તથા અત્યાચારોની ઘટનાને વખોડી મોડાસા ખાતે આંતરરાષ્ટ્રીય હિંદુ પરિષદ કાર્યકર્તાઓએ બુધવારે રાષ્ટ્રપતિને સંબોધી આવેદનપત્ર અને મોડાસા શહેરમાં વિધર્મી યુવકે નકલી પોલીસ બની હિન્દુ દીકરીનું અપહરણ તથા છેડતી કરી બળજબરી પૂર્વક બળાત્કાર કરવાની કોશિશ કરનાર સામે કડક કાર્યવાહી કરવામાં આવેની માંગ સાથે જીલ્લા પોલીસવડાને આવેદનપત્ર આપી હિંદુ સમાજ ઉપર થતા હુમલાઓ બંધ કરવા તથા આવા તત્વોને પકડીને કડકમાં કડક સજા કરવા માગણી કરી હતી.

આ અંગે આવેદનપત્ર આપતા આંતરરાષ્ટ્રીય હિંદુ પરિષદના અગ્રણી કિરીટ શાહ, લાલભાઈ કડિયા અને અરવલ્લી જીલ્લાના મંત્રી કનુભાઈ પટેલ, પ્રિયંક પોકાર, હિતેશ જોશી અને રામભાઈ પટેલ સહિતના કાર્યકર્તાઓએ જણાવ્યુ હતું કે, કેટલાક શખ્સો ધૂમ સ્ટાઈલ બાઈક ચલાવી હિન્દુ દીકરીઓ પર રોફ જમાવી છેડતીના બનાવો દિન પ્રતિદિન વધી રહ્યા છે, તદઉપરાંત છેલ્લા ઘણા સમયથી જેહાદી માનસિકતા ધરાવતા તત્વો દ્વારા દેશના હિંદુ સમાજ ઉપર વિવિધ પ્રકારે હુમલાઓ તથા અત્યાચારો થઈ રહ્યા છે. જે ઓછા થવાને બદલે તેમાં સતત વધારો થઈ રહ્યો છે.

તાજેતરમાં પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદમાં આર.એસ.એસ.ના સ્વયંસેવક સાથે તેમના દિકરો અને ગર્ભવતી પત્નિની પણ કારમી હત્યા કરવામાં આવી છે. હરિયાણાના ગુરૂ ગ્રામમાં વિશ્વ હિંદુ પરિષદના જિલ્લા સંયોજકનું પણ ખૂન કરવામાં આવ્યુ હતું. આ ઉપરાંત જેહાદી તત્વો દ્વારા દિનપ્રતિદિન હિંદુ સમાજ ઉપર હુમલાઓ કરવાની ઘટનામાં વધારો કરી માત્રને માત્ર હિંદુ સમાજને જ ટાર્ગેટ કરવામાં આવી રહ્યો છે.

ત્યારે આવી ઘટનાઓને આંતરરાષ્ટ્રીય હિંદુ પરિષદ તરફથી વખોડી કાઢવામાં આવી છે અને આવા હુમલાઓ બંધ કરાવવા તથા આવા તત્વોને પકડીને કડકમાં કડક સજા કરાવવામાં આવે તેવી માગણી કરી રાષ્ટ્રપતિને આવેદનપત્ર આપી રજૂઆત કરી છે.

## ૨૪મી વર્ષગાંઠ પર જેડબ્લુ દ્વારા રક્તદાન શિબિર યોજાઈ

સામાજીક જવાબદારીના ભાગરૂપે જેડબ્લુ, પુરૂષોના લકઝરી લાઈફ સ્ટાઈલ રીટેઈલ સ્ટોર છેલ્લા ૧૩ વર્ષથી તેમની વર્ષગાંઠના દિવસે, દશેરાએ રક્તદાન શિબિરનું આયોજન કર્યુ હતુ.

આ વર્ષે જેડબ્લુએ અમદાવાદ સહિત ૭ શહેરો (અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, વલસાડ, ભોપાલ, જયપુર) આ રક્તદાન શિબિરમાં તમામ શહેરોની કુલ મળીને ૩૧૪ યુનિટ લોહીની બોટલ એકત્રીત થઈ હતી. આ શિબિરમાં જેડબ્લુ મેનેજમેન્ટ અને સ્ટાફના સભ્યો, સાથી રીટેલરો અને તેના મૂલ્યવાન ગ્રાહકોએ પણ રક્તદાન કર્યુ હતુ.

### શામળાજી નજીક ગલીસીમરો ગામના યુવક-યુવતી વચ્ચે પાંગર્યો પ્રેમ

# ઝાડ પર દોરડું બાંધી ગળે ફાંસો ખાઈ લેતા ચકચાર

શામળાજી, તા. ૧૬

આજના સમયમાં પ્રેમ સબંધમાં ભાગી જઈ લગ્ન કરવાની યુવક-યુવતીઓમાં હોડ જામી છે. શામળાજી નજીક આવેલા ગલીસીમરો ગામના યુવક-યુવતી એકબીજાના પ્રેમમાં ઓતપ્રોત બન્યા હતા. આ પ્રેમી યુગલ સાથે જીવવા મરવાના કોલ પણ આપ્યા હતા ત્યારે સમાજ પ્રેમી યુગલને નહી સ્વીકારે અને એક-બીજાને ભેગા રહેવા નહી દયે એવો અહેસાસ બિપિન ડામોર અને ગામની સગીરાને થતા બન્નેએ સાથે જીવી નહી શકાય પરંતુ બન્ને સાથે તો મરી જ શકાય એવો નિર્ણય લઈને ખેતરમાં જ ઝાડ સાથે દોરડું બાંધી બન્ને સજોડે આત્મહત્યા કરી લેતા બન્ને પ્રેમી યુગલના પ્રેમનો અંત લાવતા નાના એવા ગલીસીમરો ગામમાં ભારે હાહાકાર મચી ગયો છે. શામળાજી પોલીસે બંને મૃતક યુવક-યુવતીના મૃતદેહને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પોતાના પ્રેમનો સારો અંત ન હોવાનું માનીને કેટલાય પ્રેમી યુગલો આત્મહત્યાનો રસ્તો અપનાવતા હોય છે. આવો જ એક કિસ્સો અરવલ્લી જીલ્લામાં બન્યો છે. શામળાજી નજીક આવેલા ગલીસીમરો ગામની સીમમાં ઝાડ ઉપર દોરડું બાંધી ગળે ફાંસો ખાઈ પ્રેમી પંખીડાએ જીદંગી ટૂંકાવી લેતા ચકચાર મચી હતી. ગલીસીમરો ગામના બિપીનભાઈ મેઘાભાઈ ડામોર (ઉં.વર્ષ-૧૯)ને ગામનીજ ૧૭ વર્ષીય સગીરા સાથે આંખ મળી જતા એકબીજાના પ્રેમમાં અંધ બન્યા હતા. પોતાની લગ્ન કરવાની બાબતે સમાજ નહીં સ્વીકારે એવા ડરથી સોમવારે બંને પોતાના ઘરેથી નીકળી ગયા હતા. બંનેના પરિવારજનોએ શોધખોળ હાથ ધરી હતી. વચ્ચે ગામના આંબાવાડી ફળિયામાં ખેતર નજીક વૃક્ષ ઉપર યુવક અને યુવતી લટકેલી હાલતમાં મળી આવ્યા હોવાની જાણ થતાં પરિવારજનોએ તપાસ કરતાં બંને દોરડા વડે ગળે ફાંસો ખાઈને આત્મહત્યા કરી હતી. જેથી મેઘાભાઈ રણછોડભાઈ ડામોરે શામળાજી પોલીસ મથકે જાણ કરતાં પોલીસે ઘટના સ્થળે દોડી જઈ તપાસ હાથ ધરી છે.

### લાટીવાળા કોલેજના સ્થાપના દિન નિમિત્તે

# પ્રાથમિક અને માધ્યમિક કક્ષા માટે વર્કશોપ યોજાયો

મોડાસા, તા. ૧૬

અરવલ્લી જિલ્લામાં મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળનું એક ઉત્તમ ઘરેણું એટલે એમ.કે. શાહ લાટીવાળા ડી.એલ.એડ. કોલેજના સ્થાપના દિન પ્રસંગે માધ્યમિક શાળાઓમાં પ્રથમ નંબરે આવેલ પ્રોજેક્ટને રાજ્ય કક્ષામાં જવા માટેનું માર્ગદર્શન માટે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઈડર ડાયેટના પ્રાચાર્ય કે.ટી. પોરાણીયા,



જીસીઈઆરટી ગાંધીનગર તથા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ઈડર પ્રેરીત ગણિત-વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શન ૨૦૧૯ માટે જિલ્લા કક્ષાએ પ્રાથમિક અને આર.એલ. જીતપુરા, કમલેશભાઈ ટીટીસરા તથા જીસીઆરટી ગાંધીનગરના રાઘવજી માધડ અને કોલેજના કાર્યકારી આચાર્ય ગીતાબેન નિનામા ઉપસ્થિત રહ્યા હતા.

આ વર્કશોપમાં અરવલ્લી જિલ્લાની પ્રાથમિક તથા માધ્યમિક શાળાઓના ગણિત વિજ્ઞાન પ્રદર્શનમાં માર્ગદર્શન આપનાર શિક્ષક ભાઈઓ અને બહેનો ઉપસ્થિત રહ્યા હતા. આ વર્કશોપમાં રાજ્યકક્ષાએ ઉત્તમ પ્રદર્શન થાય તે માટેનું માર્ગદર્શન અને સલાહ-સૂચનો આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ માટે કોલેજ કેળવણી મંડળના પ્રમુખ નવીનભાઈ મોદી તથા પ્રભારી મંત્રી ધીરેનભાઈ પ્રજાપતીએ સમગ્ર કાર્યક્રમ માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

# તલોદ અને મહિયલને જોડતા રેલવેનો અંડર પાસ શોભાના ગાઠીયા સમાન

તલોદ, તા. ૧૬

તલોદ પંથકમાંથી પસાર થતી બ્રોડગેજ રેલવેલાઈન ઉપરનો તલોદ-મહિયલને જોડતો રેલવેના અંડરપાસ શોભાના ગાઠીયા જેવો ભાસી રહ્યો છે. આ અંડર પાસની સુવિધા માટે પ્રજાપતિ છાત્રાલય આસપાસના ડઝનબંધ પરિવારોના રહેણાંકવાસીઓએ ભારે જેહમત ઉઠાવી હતી અને અંડરપાસ નહી તો વોટ નહી તેવી લડત ચલાવી હતી. જેના પરિણામરૂપે આ અંડરપાસ આપવાની રેલવેતંત્રને ફરજ પડી હતી.

તલોદનગરપાલિકા હદના વોર્ડ નં. ૩ના પ્રજાપતિ છાત્રાલય આસપાસના રહેણાંકવાસીઓ માટે મહિયલ તરફથી તલોદ બજારમાં જવા-આવવા જુના ફાટકવાળો રોડ દાયકાઓથી સુવિધારૂપ હતો પરંતુ બ્રોડગેજ રેલવે લાઈનનું નિર્માણ થતા આ માર્ગો બંધ થઈ જવાની નોબત ઉભી થઈ હતી. પરિણામે રેલવે લાઈન ઉપરથી શિવમ સોસાયટીની સામે પાર આવેલી વસાહતોમાં ભારે આક્રોશની લાગણી ઉભી થવા પામી હતી. અહિંના અસંખ્ય પરિવારોને દવાખાનાથી માંડી બજાર સુધી આવન-જાવન કરવા મહિયલ વિસ્તારના તલોદ કોલેજ પાસેના રેલવે ક્રોસિંગને પાર કરીને જ આવવુ-જવુ પડે તેવી સ્થિતિ પેદા થતાં જ અહિં ભારે આક્રોશ ભભુકી ઉઠ્યો હતો. જો અહિં જુના ફાટકવાળી જગ્યાએ અંડરપાસ બનાવવો જ જોઈએ તેવી પંથકના લોકોએ નગરપાલિકાથી માંડીને રેલવે મંત્રાલય સુધી રાવ નાખી હતી.

સમયાંતરે અહિં અંડરપાસ મંજુર કરીને તેના નિર્માણનુ કામ પૂર્ણ કરી દેવામાં આવેલ છે. દુરથી ડુંગરા રળિયામણાની જેમ દૂરથી સુંદર ભાસતા આ અંડરપાસ લોક સુવિધા માટે હાલ તો શોભાના ગાઠિયો પૂરવાર થયો છે. અંડરપાસના ભોયતળીયે સતત પાણી ભરાયેલ રહેવાથી લીલ બાજી જાય તેવી વરવી સ્થિતિ પેદા થઈ છે. સતત વરસાદી માહોલના કારણે આ અંડરપાસનું પાણી ક્યારેય સુકાતુ જ નથી. તંત્ર તરફથી તેની બાજુમાં સંપ બનાવવામાં આવ્યો છે જેના દ્વારા પાણી ખેચી લેવાની વ્યવસ્થા કરી છે પરંતુ અહિ પાણીની આવક સતત રહેતા પાણી ભરાયેલુ જ રહે છે જ્યા પાણીના ભુસ્તર પણ ઘણા ઉપર આવી ગયા છે. અંડરપાસવાળા આ માર્ગમાંથી ચાલતા કે વાહન લઈને કોઈપણ સંજોગોમાં જઈ આવી શકાય તેમ નથી. કારણ કે આ અંડરપાસના માર્ગમાં મોટા સિગ્નલના કેબલ વાયર આવેલા છે જે પણ ભારે જોખમી અને અવરોધક છે. સિગ્નલના મનાતા આ જાડા નક્કર કેબલ જમીનમાં દબાવી દઈ પેક કરી યોગ્ય માત્રા ખુલ્લો કરવામાં આવે તો જ આ અંડરપાસ સુવિધા જાહેર જનતા માટે ઉપયોગમાં આવશે.